
# ધ્વનિલ પારેખના એકાંકીસંગ્રહ 'એક ચપટી ઊંઘ'ને બે પારિતોષિક




જાણીતા યુવા સર્જક ધ્વનિલ પારેખના એકાંકીસંગ્રહ 'એક ચપટી ઊંઘ'ને બે પારિતોષિકો જાહેર થયાં છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ૨૦૧૭ના વર્ષ માટે નાટક-એકાંકી શ્રેણીમાં પ્રથમ પારિતોષિક જાહેર થયું છે. જ્યારે કુમાર ફાઉન્ડેશન ટ્રસ્ટ, ગોધરા દ્વારા ચં. ચી. મહેતા એવોર્ડ જાહેર થયો છે. આ સંગ્રહમાં કુલ ૦૭ તખ્તાલાયક એકાંકીઓનો સમાવેશ થયો છે.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર એન લલિતકલા ઍકેડેમી દ્વારા

# એશા પટેલનું આરંગેત્રમ યોજાયું



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર ઍન લલિતકલા ઍકેડેમી દ્વારા એશા પટેલનું આરંગેત્રમ યોજાયું હતું. એશાએ ભરતનાટ્યમની વિવિધ કૃતિઓની સુંદર રજૂઆત કરી હતી. એશાને બિરદાવવા મંડળના ચૅરમૅન વલ્લભભાઈ ઍમ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન કે. પટેલ અને ઍડવોકેટ અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે એશાને રૂપિયા ૨૫૦૦નો ચૅક અને પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન-સંચાલન કલાગુરુ શકુંતલાબેન ઓઝા અને દિનાબેન ડોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



પ્રવીણ બાબુભાઈ દરજી
મો. ૯૪૨૮૯ ૧૦૫૫૫



મોહંમદસફાન
સાકીરહુસેન દિવાન



નિધિ જી. પરમાર

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# મૅથોડિસ્ટ ચર્ચ ખાતે મૅડિકલ ચૅક-અપ કૅમ્પ યોજાયો





ગાંધીનગર, તા. ૧૩

મેથોડિસ્ટ ચર્ચ ગાંધીનગર સેક્ટર ૨૩ ના પ્રાર્થના ખંડ માં દર મહિનાના બીજા રવિવારે મેડિકલ કેમ્પ યોજવામાં આવે છે. આ મહિને યોજાયેલા કેમ્પમાં ફિઝિયોથેરાપી, ડાયાબીટીસ , બીપી માટે નિઃશુલ્ક ચેક-અપ યોજવામાં આવ્યું હતું, જેનો ૬૫ જેટલા નગરજનોએ લાભ લીધો હતો. મેથોડિસ્ટ ચર્ચ ગાંધીનગર તથા યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપ-પ્રમુખ ડોક્ટર હાર્દિક તલાટીએ કેમ્પને સફળ બનાવનારા નાગરિકોને બિરદાવી તેમના પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.



શ્રી સ્વામિનારાયણ ભગવાન શ્રીમુખવાણી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, જીવનપ્રાણ શ્રી અબજીબાપા શ્રી શતામૃત મહોત્સવ અને વિશ્વ મંગલ મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજના હસ્તે જરૂરિયાત મંદ ગરીબોને ૧૦૦૦ નંગ લોખંડના પલંગ સંસ્થા દ્વારા દાન કરવામાં આવ્યા હતા.

### રાજ્યમાં ડેન્ગ્યૂનો કહેર વધી રહ્યો છે ત્યારે

# ડેન્ગ્યૂની જાણકારી વિદ્યાર્થીઓને આપવા સ્કૂલ્સને તાકીદ કરાઈ

## જાગૃતિ અભિયાનને સફળ બનાવવા સ્કૂલ સંચાલકોને આદેશ

ગાંધીનગર, તા. ૧૩

રાજ્યમાં દિવસે દિવસે ડેન્ગ્યુનો કહેર વધી રહ્યો છે ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડેન્ગ્યુના કહેરને નાથવા માટે સતત પગલાં લેવામાં આવી રહ્યા છે. ડેન્ગ્યુના વધતા ફુગાવાનાને નાથવા માટે હવે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા પણ અભિયાન શરુ કરવામાં આવ્યું છે. 'સ્વસ્થ રહો,સાવચેત રહો' તે નામ સામે આ અભિયાન શરુ કરવામાં આવ્યું છે. અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ સ્કૂલ સંચાલકોને આ અભિયાનને સફળ બનાવવા માટે આદેશ કર્યો છે કે વિદ્યાર્થીઓને પણ શાળા સ્તરે માહિતી આપવામાં આવે અને જાગૃત કરવામાં આવે.

જિલ્લા શિક્ષણાધિકારીએ પરિપત્ર બહાર પાડીને શાળાઓને ડેન્ગ્યુ સામે સાવચેતીના પગલાં ભરવા માટે આદેશ કર્યો છે. અમદાવાદમાં આશરે ૧૫૦૦થી વધારે શાળાઓ આવેલી છે ત્યારે વિદ્યાર્થીઓને ડેન્ગ્યુ શું છે? તેના લક્ષણો શું છે? તે અંગે શું સાવચેતી રાખવી જોઈએ? ડેન્ગ્યુથી બચવા માટે શું પગલાં લેવા જોઈએ? તે અંગેની તમામ માહિતી આપવા માટે સૂચના આપવામાં આવી છે.

# શ્રી દક્ષિણામૂર્તિનો શતાબ્દી મહોત્સવ યોજાયો





શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગરનો શતાબ્દી મહોત્સવ અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં અમદાવાદ, ભાવનગર અને ગુજરાતમાં વસતા દક્ષિણામૂર્તિના શુભેચ્છકો, પૂર્વ વિદ્યાર્થીઓ, આપ્તજનો અને સંસ્થા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન અને સંસ્થાના ખ્યાતનામ ૪૦ પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ ભાગ્યેશ જહાના પ્રમુખ સ્થાને તથાત અમીત દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો.

# મોબાઈલ પોર્ટેબિલીટી માટે નવો નિયમ ૧૬મીથી

ગાંધીનગર, તા. ૧૬

ટેલિકોમ રેગ્યૂલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા-ટ્રાઈએ એમએનપી માટે નવી તારીખ જાહેર કરી છે. મોબાઈલ નંબર પોર્ટેબિલિટી માટે નવા નિયમો ૧૬ ડિસેમ્બરથી લાગુ કરવામાં આવશે. એમએનપી માટે પહેલાં એક અઠવાડિયાનો સમય લાગતો હતો તે હવે ૨ દિવસનો થઈ જશે. આપને જણાવીએ કે ટ્રાઈએ આ નિયમના અમલ માટે ૧૧ નવેમ્બરની તારીખ નક્કી કરી હતી. ટ્રાઈએ કહ્યું હતું કે ટેલિકોમ ઓપરેટરો દ્વારા થઈ રહેલાં પરીક્ષણમાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે નવા નિયમોના અમલમાં મોડું થઈ રહ્યું છે. ટ્રાઇ ઇચ્છે છે કે નિયમોનો અમલ કરતા પહેલાં તેની સંપૂર્ણ ચકાસણી કરવામાં આવે જેથી વપરાશકર્તાઓને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો ન પડે. આ પ્રક્રિયાને પૂર્ણ કરવા માટે એમએનપી સેવા પ્રદાતાઓ અને ટેલિકોમ ઓપરેટર્સની સહાય આવશ્યક છે

### પુસ્તકમાં સમાવિષ્ટ કહેવતમાં જાતિવિષયક શબ્દ સામે વિરોધ

# નિરવ પ્રકાશનના માલિક સામે ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૩

અમદાવાદમાં નિરવ પ્રકાશનના માલિક સામે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. તેમના પર આરોપ છે કે નિરવ પ્રકાશનના નિરવ શાહ અને લેખક નટુભાઈ રાવલ તરફથી બહાર પાડવામાં આવેલા બી.એડ.ના પુસ્તકમાં જાતિવિષયક શબ્દ કેહવતમાં પ્રયોગ કરીને સમાજની લાગણી દુભાવી હોવાની ફરિયાદ નોંધાવાઈ છે. નિરવ પ્રકાશનના માલિક વિરુદ્ધ બોટાદના સમાજ સેવક કિરણ સોલંકીએ કાલુપુર રેલવે સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. તેમને પોતાની ફરિયાદમાં જાતિ વિષયક શબ્દ વાપરી લાગણી દુભાવી હોવાનો આરોપ મૂક્યો છે.

બોટાદના કિરણ સોલંકી કે જેઓ જરૂરિયાતમંદ લોકોને પુસ્તકો આપીને સમાજ સેવા કરે છે. થોડા દિવસ પહેલા તેમની પાસે બી.એડ.ના પુસ્તકની જરૂરિયાત હતી. ત્યારે તેમણે ૪થી નવેમ્બર ૨૦૧૯ના રોજ તેમના પત્ની સાથે ગાંધીબ્રિજના ફર્નાન્ડિઝ બ્રીજ પાસે કમલેશ બુક સેન્ટરમાંથી ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી માધ્યમના બીએડના પ્રથમ સેમેસ્ટરના પુસ્તકોની ખરીદી કરી હતી. આ પુસ્તકમાં દર્શાવેલા રૂઢિપ્રયોગો અને કહેવતો તથા વાક્યપ્રયોગો તેમના ધ્યાન પર આવ્યા હતા.

કિરણ સોલંકીએ બી.એડના પુસ્તકના પાના નંબર ૨૧૯ પરથી વિવિધ કહેવતો અર્થ સાથે લખી હતી. જેમાં ૧૯ નંબરની કહેવત 'ગામ હોય ત્યાં ..... હોય' તેવી કહેવત હતી. પુસ્તકમાં કહેવતનો અર્થ લખ્યો હતો કે, ગામમાં બધા માણસો સારા ન હોય, કોઈ ખરાબ પણ હોય. આ કહેવત લેખક નટુભાઈ રાવલ તરફથી લખવામાં આવી હતી. ત્યારબાદ તેમને પુસ્તકના પ્રકાશન નિરવ શાહ વિરુદ્ધ ફરિયાદ નોંધવવાનું નક્કી કર્યું હતું.

# રાષ્ટ્રપતિ-વડાપ્રધાનની તસવીરોના દુરુપયોગ સામે ચેતવણી

## ઉપયોગ માટે અગાઉથી પરવાનગી લેવી આવશ્યક, અન્યથા ૬ માસની જેલ કે પાંચ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે

ગાંધીનગર, તા. ૧૩

પ્રાઈવેટ કંપનીઓ, સામાજિક સંસ્થાઓ કે કોઈ વ્યક્તિ દ્વારા ખોટી રીતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી કે રાષ્ટ્રપતિ કોવિંદનો ફોટો વાપરવા સામે કેન્દ્ર સરકારે ચેતવણી ઉચ્ચારી છે.

રાષ્ટ્રીય પ્રતીકો અને નામોનો (ખોટી રીતે કે ગેરકાયદે ઉપયોગ) ધારો ૧૯૫૦માં જરૂરી સુધારા કરીને એવી ચેતવણી આપવામાં આવી હતી કે વડા પ્રધાન યા રાષ્ટ્રપતિની આગોતરી પરવાનગી વગર જાહેરખબરમાં તેમનું નામ કે ફોટો વાપરનારી સંસ્થાઓને પાંચ લાખ રૂપિયાનો દંડ અને છ માસની જેલ થઈ શકે છે.

રિલાયન્સના જીઓ તથા પેટીએમ દ્વારા તાજેતરમાં વડા પ્રધાનના ફોટો સહિત જાહેરખબરો પ્રકાશિત કરવામાં આવી હતી. વપરાશકારોને લગતી બાબતોના કેન્દ્રીય મંત્ર્યાલયે આ બંને કંપનીઓને કાનૂની નોટિસ મોકલીને પૂછ્યું હતું કે વડા પ્રધાનનો ફોટો કે નામ વાપરવા માટે તમે અગાઉથી પરવાનગી લીધી હતી કે ?

૧૯૫૦ના કાયદામાં કરેલા સુધારાને સંસદના શિયાળુ સત્રમાં રજૂ કરાશે અ્ને કાયદાને અપડેટ કરાશે. ગમે તે વ્યક્તિ કે સંસ્થા વડા પ્રધાન કે રાષ્ટ્રપતિના નામ કે ફોટોગ્રાફનો પોતાની જાહેરખબરમાં ઉપયોગ કરી શકે નહીં,. એ માટે આગોતરી પરવાનગી લેવી જરૂરી બની રહેશે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ સેનાએ એવું જાહેર કર્યું છે કે સૈનિકોનો ઉપયોગ જાહેરખબરોમાં થઈ શકશે નહીં. જાહેરખબરોમાં સૈનિકોને બતાવવાથી સૈનિકોની છબિ ખરડાય છે એવી દલીલ આગળ ધરીને આ નિર્ણય સેના દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો. હવે રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનની તસવીરો પણ અનુમતિ વિના નહીં પ્રસારિત કરવાનો નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

# આધારકાર્ડ ખોટો નંબર આપ્યો તો ૧૦ હજારનો દંડ લાગશે...!!

ગાંધીનગર, તા. ૧૩

આધારકાર્ડના ઉપયોગને લઈને તમને જાણકારી હશે કે, ઘણાં સરકારી કામોમાં આધાર નંબરની જરૂર હોય છે. કેટલાંક મહિના પહેલા જ કરદાતાઓની સમસ્યાને દૂર કરવા માટે આવકવેરા વિભાગે પાન નંબરની જગ્યાએ આધાર નંબર ઉપયોગ કરવાની મંજુરી આપી, પરંતુ તમે નિયમનો ખોટો ઉપયોગ કરશો અને ખોટો આધાર નંબર આપે છે તો તમે ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ લાગશે.

ઈક્મ ટેક્સ એક્ટ ૧૯૬૧માં કરવામાં આવેલા સંશોધન પ્રમાણે પાનની જગ્યાએ આધાર નંબરનો ઉપયોગ કરી શકાશે. નવા સંશોધનમાં ખોટો આધાર નંબર આપવા પર દંડની પણ જોગવાઈ છે. આ નિયમ જ્યાં પાન કાર્ડ નંબર ની જગ્યાએ આધાર કાર્ડ નંબરનો ઉપયોગ થઈ શકે છે ત્યાં આ નિયમ લાગૂ પડી શકે છે. ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં, બેંક એકાઉન્ટ ખોલવામાં કે પછી ૫૦ હજાર રૂપિયાથી વધારેના બોન્ડ્સ કે મ્યૂચ્યૂઅલ ફંડ્ઝ, બોન્ડ્ઝ વગેરે ખરીદવા પર આધારા કાર્ડ કે પાન નંબરની જરૂર પડે છે. આવી બાબતોમાં જો તમે આધાર કાર્ડ નંબર ખોટો આપશો તો તમારે દંડ ભરવો પડી શકે છે. આ દંડ પાનની જગ્યાએ ખોટો આધાર કાર્ડ નંબર આપવા પર, કોઈ પણ પ્રકારના ટ્રાન્ઝેક્શન પર પાન અને આધાર બંન્ને નહી આપવા પર, આધાર નંબરની સાથે બાયોમેટ્રીક આઈડેન્ટિ-ફિકેશન નહી આપવા પર જો આઈડેન્ટિફિકેશન ફેઈલ થવા પર પણ તમારે દંડ ભરવો પડશે.